# ભાવનગર યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ,ગૌરી શંકર લેઈક રોડ,ભાવનગર–૩૬૪ ૦૨૨.(ગુજરાત) ફોન (જનરલ) ૨૪૩૦૦૦૨/ ૬ /૭, ૨૫૧૧૫૬૫/૬૬
કુલપતિ:(ઓ)૨૪૨૬૫૧૯ (ઘર)૨૪૨૯૦૮૬ કુલસચિવ(ઓ)૨૪૨૮૦૧૪ (ઘર)૨૫૧૯૫૯૬ ફેક્સ:(૦૨૭૮) ૨૪૨૬૭૦૬, ૨૫૧૩૯૪૩
ઈમેઈલ : registrarbu@emailplus.org
વેબસાઈટ : www.bhavuni.edu

NAAC Accredited Grade 'B'

એકેડેમિક / વિદ્યા / જ૦ ૬/ ૮૩૧-A / ૨૦૦૯

તા: ૦૯ / ૦૬ / ૨૦૦૯

સંદર્ભ:–(૧) નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુર્નવસવાટ, ગુજરાત રાજ્ય, કચેરીના પત્ર ક્રમાંક: નસકપ/૩૨૭/અભસ/ગજર/સહ/૨૦૦૯/૬૯૮, તા: ૧૨ / ૦૨ / ૨૦૦૯
(૨) જિલ્લા સૈનિક કલ્યાણ અને પુર્નવસન કચેરીના પત્ર ક્રમાંક: જસકર/૭૬/અભસ/અનામત/૨૦૦૯/૧૦૭, તા: ૦૯ / ૦૪ / ૨૦૦૯.
(૩) એકેડેમિક કાઉન્સિલની સભા તા: ૨૯ / ૦૫ / ૨૦૦૯, ઠરાવ ક્રમાંક: (૨૪)
(૪) એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા તા: ૦૫ / ૦૬ / ૨૦૦૯, ઠરાવ ક્રમાંક: (૨૨)

## પરિપત્ર:–

આથી ભાવનગર યુનિવર્સિટીની વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, શિક્ષણ, કાયદા, મેનેજમેન્ટ, ઈજનેરી, ગ્રામવિદ્યા અને તબીબી વિદ્યાશાખા અંતર્ગત આવેલ સ્નાતક કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવન / કેન્દ્રના વડાઓ અને ડીપ્લોમા અભ્યાસક્રમના કો–ઓર્ડિનેટરશ્રીઓને જણાવવાનું કે, ઉચ્ચ અભ્યાસક્રમમાં સેવારત / સેવાનિવૃત સૈનિકોના સંતાનો માટે શૈક્ષણિક અનામત બેઠક અંગેની બાબત એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં રજૂ રખાતા તે અંગે નીચે મુજબ ઠરાવ થયેલ છે.

**એકેડેમિક કાઉન્સિલની સભા તા: ૨૯ / ૦૫ / ૨૦૦૯, ઠરાવ ક્રમાંક: (૨૪)**

" આથી ઠરાવવામાં આવે છે કે, ભાવનગર યુનિવર્સિટીના તમામ અભ્યાસક્રમો (બી.એડ., બી.પી.એડ., બી.એડ.–એચ.આઈ., બી.એડ.–બેઝિક એજ્યુકેશન સિવાય) જૂન–૨૦૦૯થી અમલી બને તે રીતે અને બી.એડ., બી.પી.એડ., બી.એડ.–(એચ.આઈ.), બી.એડ.(બેઝિક એજ્યુકેશન) માં જૂન–૨૦૧૦થી અમલી બને તે રીતે સેવારત અને સેવા નિવૃત સૈનિકોના સંતાનો માટે અનામતની જે તે કેટેગરીમાં ૧% સીટસ અનામત રાખવાનું મંજૂર કરવાનું એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે. "

**એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા તા: ૦૫ / ૦૬ / ૨૦૦૯, ઠરાક ક્રમાંક: (૨૨)**

" સેવારત અને સેવા નિવૃત સૈનિકોના સંતાનો માટે ૧% બેઠક અનામત રાખવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા: ૨૯ / ૦૫ / ૨૦૦૯ની સભાના ઠરાવ ક્રમાંક: (૨૪)થી કરેલ ભલામણ મંજૂર રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે."

એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ઉકત ઠરાવનો અમલ કરવા માટે જાણ કરવામાં આવે છે.

(સહી)

કુલસચિવ

પ્રતિ

(૧) સ્નાતક કોલેજના આચાર્યશ્રીઓ...
(૨) અનુસ્નાતક ભવન / કેન્દ્રના વડાઓ...
(૩) કો–ઓર્ડિનેટરર્સ, ડીપ્લોમા અભ્યાસક્રમ

નકલ જાણ સારુ:–

(૧) કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર
(૨) કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર